કોરોનાએ જનજીવન ખોરવ્યુ : નવા ૨૮૩ કેસ નોંધાયા

ગ્રામ્ય વિસ્તારમાં ૪ બાળકો સંક્રમિત થયા : જિલ્લામાં ૧૩૦ થી વધુ મહિલા દર્દી, માણસામાં કોરોના વિસ્ફોટ : ૫૪ કેસ નોંધાયા, દહેગામમાં ૧૫, ગાંધીનગરમાં ૩૪, કલોલમાં ૨૨ કેસ : શહેરમાં સે. ૨ માં ૧૯ કેસ, સે. ૧૩, ૨૭ માં ૧૨-૧૨ કેસ, સરગાસણમાં ૧૪, વાવોલમાં ૧૦ કેસ, પેથાપુરમાં ૭ કેસ, સે. ૩ માં ૭ કેસ, સે. ૧ અને સે. ૨૨ માં ૬-૬ કેસ, સે. ૮ માં ૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. જિલ્લામાં આજે ૨૮૩ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતા જિલ્લાનું જનજીવન ખોરવાઈ જવા પામ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૫ કેસ તો ગાંધીનગર શહેરમાં ૧૫૮ કેસ નોંધાયા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે ચેપરેટ જોવા મળી રહ્યો છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે. જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં તો કોરોનાની સ્થિતિએ હાહાકાર મચાવ્યો છે.

જિલ્લાના માણસા તાલુકામાં તો આજે કોરોનાનો વિસ્ફોટ થયો છે. માણસા તાલુકામાં આજે ૫૪ કેસ નોંધાતા તંત્ર સાવ લાચાર સ્થિતિમાં મુકાઈ ગયુ છે. હોસ્પિટલો બધીજ ભરાઈ જવા પામી હોવાથી દર્દીઓને હવે હોમ આઈસોલેશનમાં રાખવામાં આવી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી માત્ર નવ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં નોંધાયેલા તમામ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. જિલ્લામાં દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી સેનીટાઈઝેશન ઝડપથી કરવામાં આવે તેવી માંગણી તીવ્ર બની છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૨૫ કેસમાં ૪ બાળકો છે. જેમાં ૩ બાળકો માણસા ગ્રામ્ય વિસ્તારના છે અને એક બાળક ગાંધીનગર તાલુકાના શેરથા ગામનું છે. આજે નોંધાયેલા આ ૪ બાળકોની ઉંમર જોઈએ તો શેરથામાં ૪ વર્ષનું બાળક, માણકેપુરમાં ૫ વર્ષનું તો ગુન્મા ગામે ૭ અને ૯ વર્ષની બાળકીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩ દર્દીઓની આયુ તો વીસ વર્ષ કરતાં પણ ઓછી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧ કર્મયોગી, ૧૧ વિદ્યાર્થી, ૭ ખેડૂત અને ૫૫ મહિલા દર્દીઓ તેમજ ખાનગી નોકરીયાતો અને નાના વેપારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. બાળકો સંક્રમિત થઈ રહ્યાની વાતોથી તંત્ર હચમચી ઉઠ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ કેસ દહેગામમાં, ગાંધીનગરમાં ૩૪, કલોલમાં ૨૨ તો માણસામાં ૫૪ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ ઝડપથી વિસ્તરી રહ્યુ છે. જિલ્લામાં વધતા જતા સંક્રમણને પગલે ચાલી રહેલા વેક્સિનેશનના કાર્યક્રમને પણ વિપરીત અસરો પડી રહી છે. જિલ્લાનું આરોગ્ય તંત્ર આંકડાઓની માયાજાળ રચવામાં વધુ વ્યસ્ત હોવાની વાતો હવે લોકજીભે ચોરે અને ચૌટે સાંભળવા મળી રહી છે.

દહેગામ તાલુકામાં આજે ૧૫ કેસ નોંધાયા છે. જો કે તાલુકાના આગેવાનો અને લોકજીભે ૫૦૦ થી વધુ કેસ હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. દહેગામમાં તંત્ર દ્વારા દોડધામ પણ વધવા પામી છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામ અર્બનમાં ૩, ભગુજીના મુવાડા ગામે ૩, નાંદોલ ગામે ૩ કેસ ઉપરાંત હરસોલી, જીંડવા, કડજોદરા, થાંભલિયા, ઉદણ અને વડવાસા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૩૪ કેસ નોંધાયા છે. તાલુકામાં જે રીતે ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ છે તેને લઈ તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામેથી ૪, સરઢવ, શેરથા અને ઉવારસદ ગામેથી ૩-૩ તેમજ માધવગઢ, સાદરા, આલમપુર, ઉનાવા, વડોદરા અને મગોડી ગામેથી ૨-૨ કેસ ઉપરાંત દશેલા, જાખોરા, છાલા, ગીયોડ, લવારપુર, પ્રાંતિયા, અડાલજ, નવા પાલજ, ગલુદણ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં પણ આજે ૨૨ કેસ નોંધાયા છે. કલોલ તાલુકામાં સંક્રમણ વધતાં તંત્રની દોડધામ વધી છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

કલોલમાં આજે નોંધાયેલા કેસોમાં કલોલ અર્બનમાં ૮ કેસ નોંધાયા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાં ૫ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બોરીસણા, આમજા, અલુવા, સોજામાં ૨-૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત ધમાસણા, સઈજ, બાલવા, જામળા, મુબારકપુર, શોભાસણમાંથી પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં તો આજે કોરોનાનો વિસ્ફોટ થવા પામ્યો છે. માણસા તાલુકામાં આજે ૫૪ કેસ નોંધાયા છે જેણે તંત્રને હચમચાવી દીધુ છે. માણસા અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ખુબ ઝડપથી વધી રહ્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં વધુ ૩ બાળકો સંક્રમિત થયેલા મળી આવ્યા છે.

માણસા અર્બનમાંથી આજે ૧૦ કેસ મળી આવ્યા છે. માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પુંધરા ગામેથી ૮, લાકરોડા ગામેથી ૬, આજોલમાંથી ૪, માણેકપુર અને દેલવાડા ગામેથી ૩-૩ તેમજ બાપુપુરા, ગુન્મા, વિહાર, રંગપુર, અંબોડ, લોદ્રા, વરસોડા ગામેથી ૨-૨ કેસ તેમજ ચરાડા, અર્જુનપુરા, હિંમતપુરા, મહુડી, વેડામાંથી કેસ મળી આવેલ છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૫ લોકો રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૮૩૨ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૩૭૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અંગે તંત્રએ કડક તાકીદ કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને પગલે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી છે. ગ્રામીણ વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટે પંચાયતોને પણ સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૫૮ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાની રફતાર ઘટી હોય તેવુ આજે જોવા મળ્યુ છે. જો કે શહેરના સેક્ટરોમાં સંક્રમણ વધ્યુ છે. શહેરના સેક્ટરોમાં આજે ૧૦૦ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૫૮ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. શહેરમાં દર્દીઓ વધી રહ્યા છે અને હોમ આઈસોલેશનમાં રહી સારવાર મેળવતા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રએ આવા દર્દીઓનું મોનીટરીંગ અસરકારક રીતે કરવાની સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક લેક્ચરર, એક પ્રિન્સિપાલ, એક સ્ટાફ નર્સ, નવ વિદ્યાર્થી, એક સોફ્ટવેર ઈજનેર તેમજ કર્મયોગીઓની સંખ્યા નોંધનીય છે. આ ઉપરાંત નાના છુટક વેપારીઓ અને સ્ટોક એક્ષ્ચેન્જ સાથે સંકળાયેલ તેમજ એલઆઈસી અને અન્ય સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મયોગીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સંક્રમિતોની યાદીમાં ૭૬ મહિલાઓનો સમાવેશ થાય છે. બીજી લ્હેરમાં પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં બીજી લ્હેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેનાથી પણ તંત્ર ચિંતીત છે.

શહેરમાં અગાઉ હોટ સ્પોટ બનેલા સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ શહેરી વિસ્તારમાં સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કર્યો છે.

શહેરના સેક્ટરોમાં આજે સે. ૨ માં ૧૯, સે. ૧૪ માં અને સે. ૨૭ માં ૧૨-૧૨ કેસ, સે. ૩ માં ૭ કેસ, સે. ૧ અને ૨૨ માં ૬-૬ કેસ, સે. ૧૨ અને સે. ૨૧ માં ૪-૪ કેસ, સે. ૮ માં ૫ કેસ, સે. ૧૭, સે. ૨૪, સે. ૭, સે. ૩-એન્યુ, સે. ૩૦ માં ૩-૩ કેસ, સે. ૨૮, ૨૯, ૨૦ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૫, ૧૬, ૧૯ અને ૨૫ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરના ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં ૧૪, વાવોલમાં ૧૦, પેથાપુર, કુડાસણમાં ૭-૭ કેસ, રાયસણ-સુઘડમાં ૫-૫ કેસ, કોલવડામાં ૪ કેસ, રાંધેજામાં ૨ કેસ તેમજ અમીયાપુર, બોરીજ, કોબા અને રાંદેસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧ હજારની નજીક પહોંચવા આવી છે. શહેરમાં વધી રહેલા સંક્રમણને પગલે તંત્રએ લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા માટે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન માટેની અપીલ દોહરાવી છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં પણ તેની અમલવારી અંગે તંત્રએ તાકીદ કરી છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૮૦૦ જેટલી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. શહેરમાં ૧૨ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

મુકિતધામ અને રૂદ્રભુમિમાં કોરોનાના ૩૯ મૃતકોની અંતિમવિધી કરવામાં આવી

મુકિતધામમાં ૨૩ અને રૂદ્રભુમિમાં ૧૬ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં કોરોનાનુ કાળચક્ર ફરી વળ્યુ છે. રોજબરોજ નવા કેસમાં વધારો થવાની સાથે મૃત્યુઆંક પણ ચિંતાજનક સ્થિતિ પાર કરી ગયો છે. શહેરમાં આજે પણ અંતિમધામમાં કોરાનાના કુલ ૩૯ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. જયારે આ પૈકી ૨૩ મૃતકોના સે-૩૦ મુકિતધામ અને ૧૬ મૃતકોની સરગાસણ સ્થિત રૂદ્ર ભુમિ ખાતે અંતિમવિધી કરવામાં આવી હતી. કોરોનાના કહેર વચ્ચે અંતિમધામમાં કોરોનાના મૃતકોની અંતિમવિધી કરવાનુ કામ પણ મુશ્કેલ બની રહ્યુ છે. મુકિતધામમાં જીવના જોખમે સેવાભાવીઓ મૃતદેહની અંતિમક્રીયા કરવાનુ ઉમદા સેવા કાર્ય કરી રહ્યા છે.

ગાંધીનગરમાં વધતા કોરોનાના કહેર વચ્ચે રોજબરોજ દર્દીઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. એકબાજુ હજુ હોસ્પિટલમાં જગ્યા ન મળતી હોવાની સાથે ઓક્સિજનની ઉણપ પણ કોવિડ દર્દીઓ માટે મોટી ચેલેન્જરૂપ છે. ત્યારે કોરોનાના કાળચક્રથી બચવા માટે નાગરિકો હવે ઘરમાં જ રહે છે. શહેરમાં પણ કોરોના ઈફેક્ટના લીધે સન્નાટો જોવા મળે છે. જીવનજરૂરી ચીજવસ્તુઓ સિવાયની દુકાનો પણ બંધ છે. કોરોનાના રોજ નવા કેસ સામે આવી રહ્યા છે. ત્યારે સ્મશાનમાં પણ મૃતદેહની કતાર જોવા મળે છે. શહેરના મુકિતધામમાં અંતિમક્રીયા કરવાનુ કામ પણ મુશ્કેલ બનતુ જાય છે. આજે પણ કોરોનાના લીધે કુલ ૩૯ દર્દીઓના મોત નિપજયા છે. જયારે શહેરના સે-૩૦ સ્થિત મુકિતધામ તેમજ સરગાસણ સ્થિત રૂદ્રભુમિ સ્મશાનમાં આ મૃતકોની અંતિમક્રીયા કરવામાં આવી છે. સે-૩૦ ના મુકિતધામમાં ૨૩ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. જયારે સરગાસણ રૂદ્ર ભુમિમાં ૧૬ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા છે. છેલ્લા કેટલાક દિવસોથી અંતિમ ધામમાં સતત કાર્યરત સેવાભાવી આગેવાનો પણ અંતિમવિધી દરમિયાન સહયોગ આપવા નાગરિકોને અપીલ કરી રહ્યા છે. આ ઉપરાંત અંતિમધામમાં ડર રાખ્યા વિના સેવા આપવા પણ અપીલ કરી રહ્યા છે. અંતિમધામમાં કોવિડના મૃતકોની અંતિમવિધી દરમિયાન ઝડપ ન કરવા માટે પણ સ્મશાનમાં સેવા આપતા સેવાભાવી આગેવાનોએ જણાંવ્યુ છે. કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. શહેરમાં રોજબરોજ વધતા નવા કેસની સાથે મૃત્યુની સંખ્યા પણ ઘટતી નથી. જેના લીધે આમ નાગરિકોમાં વધુ ભય પ્રવર્તયો છે. શહેરના મુકિતધામ સહીત સરગાસણ સ્થિત રૂદ્ર ભુમિ ખાતે પણ કોવિડના મૃતકોની અંતિમવિધી કરવામાં આવી રહી છે.

મનપામાં હવે આવશ્યક નહિ હોય તેવી કામગીરી માટે પ્રવેશ પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં વધતા જતા સંક્રમણને ધ્યાને લઈ આજે મહાનગરપાલિકાએ ગૃહ વિભાગના ૬-૪-૨૧ ના પરિપત્રને ધ્યાને લઈ હરકતમાં આવતાં ૧૦ મી મે સુધી અત્યંત આવશ્યક કામગીરી હોય તેના સિવાય મુલાકાતીઓને પ્રવેશ આપવા પર પ્રતિબંધ રાખવામાં આવેલ છે.

મનપા કમિશનરની સહિથી જારી કરાયેલા આદેશમાં જણાવ્યા પ્રમાણે મનપાની કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં જન્મ-મરણ, લગ્ન નોંધણી તથા મુખ્યમંત્રી અમૃતમ યોજના અન્વયેની કામગીરી ચાલુ રહેશે.

તેમણે કરેલા અન્ય એક આદેશમાં લોકોને ઓનલાઈન એડવાન્સ ટેક્ષ ભરવાની કામગીરી ચાલુ છે. આ માટે વેબસાઈટ પર તમામ જાણકારી અને જરૂરી સૂચનાઓ મુકવામાં આવી હોવાનું જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં ઓનલાઈન એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા વળતર અને ૨ ટકા પ્રોત્સાહક વળતરની યોજના ચાલુ હોવાનું પણ આ પત્રમાં કહેવામાં આવ્યુ છે. દર વર્ષે આ વળતર યોજનાનો લાભ હજારો નાગરિકો લેતા હોય છે જે નોંધનીય છે.

બ્રહ્મસમાજના અગ્રણી ઈન્દ્રવદન પંડ્યાનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી તેમજ જાણીતા કેળવણીકાર ઈન્દ્રવદનભાઈ પંડ્યાનું દુ:ખદ અવસાન થયુ છે. સ્વ. પંડ્યા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખપદે પણ સેવા આપી ચુકયા છે. તેમના દુ:ખદ અવસાનથી શિક્ષણજગત તેમજ બ્રહ્મસમાજમાં દુ:ખની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય અને મનપા વિસ્તારમાં ૧૦ દિવસમાં ૮,૯૬,૬૦૮ વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ

ગાંધીનગર ૨૬

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારના રહીશોને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. છેલ્લા દશ દિવસમાં ૮, ૯૬, ૬૦૮ વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ૨૪,૯૯૪ વ્યક્તિઓને સંશમવટીનું અને ૫૨,૩૫૫ વ્યક્તિઓને આર્સેનિક આલ્બમ દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. શ્રીમતી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, છેલ્લા થોડાક સમયથી ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોનાથી સંક્રમિત થનાર વ્યક્તિઓ વધતા જાય છે. કોરોનાને નાથવા માટે વ્યક્તિની આંતરિક રોગ પ્રતિકારક શક્તિ વધારે હોવી ખૂબ જરૂરી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરીજનોની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી શકે તેવા આયુર્વેદ ઉકાળા ગામે ગામ અને નગરજનોને મળી રહે અને તેમની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ કચેરી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે જણાવ્યું છે કે, છેલ્લા ૧૦ દિવસમાં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકાના ૪૬, માણસા તાલુકાના ૧૮, દહેગામ તાલુકાના ૫ અને કલોલ તાલુકાના ૧૧ ગામોમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા દશ દિવસમાં ગાંધીનગર તાલુકાના ૬,૨૩,૨૩૫ વ્યક્તિઓ, દહેગામ તાલુકામાં ૨૪,૮૪૮ વ્યક્તિઓ, કલોલ તાલુકામાં ૮૪,૪૪૬ અને માણસા તાલુકામાં ૧,૬૪,૦૭૯ વ્યક્તિઓને ઉકાળાનો લાભ લીધો છે.

તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સેકટર – ૧, ૨/બી, ૩,૭, ૮, ૧૩/બી, ૧૪, ૧૫, ૧૭, ૨૧, ૨૮,૨૯, ફતેહપુર અને પેથાપુરના વિવિધ વિસ્તારમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

સરઢવમાં ડહોળુ પાણી આવતા ગ્રામજનોમાં આક્રોશ રોગચાળાની દહેશત ફેલાઈ

બોરમાં ટેકનિકલ ખામીના લીધે છેલ્લા ઘણાં સમયથી ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરના સરઢવ ગામમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. ગામમાં ડહોળુ પાણી આવતા સ્થાનિકોનુ આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ છે. ગામમાં નવો બોર બનાવાની યોજના પણ હજુ હાથ ધરવામાં આવી નથી જયારે હાલ ઘણાં સમયથી પીળા રંગનુ ડહોળુ પાણી આવતુ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. આવા સંજોગોમાં પાણીના લીધે ગમે ત્યારે રોગચાળો જોર પકડે તેવી દહેશત પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં એકબાજુ કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે જિલ્લાના સરઢવ ગામમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. સરઢવમાં છેલ્લા કેટલાક દિવસોથી ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો સાથે ગ્રામજનોમાં રોષ પ્રવર્તયો છે. ગામમાં આવતુ પાણી પીવાલાયક ન હોવાના લીધે ગ્રામજનોએ બહારથી મિનરલ વોટર મંગાવાની ફરજ પડી છે. ગામમાં નવનિર્મિત બોરમાં ટેકનિકલ ખામી સર્જાતા પાણી પીળા રંગનુ અલબત્ત ડહોળુ આવતુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે ગ્રામજનોમાં કોરોનાના કહેર વચ્ચે અન્ય રોગચાળો પણ માથુ ઉચકે તેવી દહેશત પ્રવર્તી છે. ગ્રામજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે ગ્રામ પંચાયત દ્વારા ત્રણ બોર બનાવાયા છે. પંરતુ છેલ્લા ઘણાં દિવસોથી ગામમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. પાણીની સમસ્યા અલબત ગ્રામજનોને પીવાલાયક પાણી મળી રહે તે માટે નવો બોર બનાવવા માટે પણ અગાઉ ગ્રામ પંચાયત દ્વારા પણ ઠરાવ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી આ અન્વેય કોઈ કામગીરી થઈ ન હોવાથી સ્થાનિકામાં રોષ પ્રબળ બન્યો છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવા ૬૦ હજાર કિ.ગ્રામ આયુર્વેદીક દવા-૧૦ લાખ ડોઝ હોમિયોપેથિક દવા ઔષધિઓનું રાજ્યવ્યાપી વિતરણ કરાશે

ગાંધીનગર તા ૨૬

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસ, કોવિડ-૧૯ના સંક્રમણ સામેનો જંગ ગુજરાતમાં નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધારીને જીતવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આરોગ્ય વિભાગ અને આયુષ આયુર્વેદ વિભાગને વ્યાપક ઉપાયો-પગલાં માટે પ્રેરિત કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ હેતુસર ગુજરાતમાં ૬૦ હજાર કિલોગ્રામ આયુર્વેદ દવાઓ તેમજ ૧૦ લાખ ડોઝ હોમિયોપેથી ઔષધિ-દવાઓના ઓર્ડર આપીને આ દવાઓ ત્વરાએ મેળવી તેનું રાજ્યવ્યાપી વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં આયુર્વેદ દવાઓનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે અને આ દવાઓના અનેક સારા પરિણામો મળ્યા છે તેને પગલે મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણની આ બીજી લ્હેરમાં પણ આયુર્વેદ-હોમિયોપેથી ઔષધિઓના ઉપયોગથી કોરોના સામેનો જંગ જિતવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્યભરના ૩૩ જિલ્લાઓ માટે ૨૯૭૦૦ કિ.ગ્રામ અમૃત પેય ઊકાળાનો જથ્થો, સંશમની વટીનો ૩૦ હજાર કિ.ગ્રામ જથ્થો તેમજ ઓર્સેનિક આલ્બમ-૩૦ ના કુલ ૧૦ લાખ ડોઝ રાજ્ય સરકાર વિવિધ સંસ્થાઓ-સંગઠનો-કેન્દ્ર સરકાર પાસેથી મેળવશે.

કોરોનાથી સંક્રમિત દર્દીઓને સારવાર ઉપરાંત તેમનામાં રોગપ્રતિકારક શક્તિ વધારવાની બાબતને પણ વિશ્વસ્તરે સ્વીકૃતિ મળી છે ત્યારે માનવ શરીરમાં ઈમ્યુનિટી બુસ્ટ કરતી આયુર્વેદીક દવાઓનો વપરાશ વધ્યો છે. ગુજરાતમાં કોરોનાની પ્રથમ લ્હેરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને પ્રેરણાથી ૯૦ લાખ પરિવારો માટે ઓર્સેનિક આલ્બમના ડોઝ, ૭૮ હજાર કિ.ગ્રામ અમૃત પેય ઊકાળા અને ૮૫ હજાર કિ.ગ્રામ સંશમની વટી લોકોને પૂરી પાડવામાં આવેલી છે.

રાજ્યપાલનો મુખ્યમંત્રીના રાહત નિધિમાં રૂ. ૨૫ લાખનો સહયોગ

ગાંધીનગર તા ૨૬



ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે કોરોના સંક્રમણ સામેની રાજ્યની લડાઈમાં સહભાગી બની રાજભવન ખાતેથી " કોરોના સેવા યજ્ઞ" જન અભિયાનનો શુભારંભ કર્યો છે. કોરોના સામેના જંગમાં રાજ્ય સરકારને સહયોગ આપવા ગુજરાતના લોકોને પ્રેરણા પુરી પાડવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યપાલશ્રીએ મુખ્યમંત્રીશ્રીના રાહત નિધિમાં રૂ. ૨૫ લાખનો આર્થિક સહયોગ આપવાની ઘોષણા કરી છે. રાજ્યપાલશ્રીએ આ તકે જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણ સામેના ગુજરાત રાજ્યના જંગમાં રાજ્ય સરકારની સાથે પ્રજા પણ પૂર્ણતઃ સહયોગ આપી રહી છે, ત્યારે "સૌનો સાથ, સૌનો વિકાસ" કર્મમંત્ર સાથે જનશક્તિના પ્રચંડ સામર્થ્યથી ગુજરાત આ પડકારનો સામનો કરી વિજય હાંસલ કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની
ભરતી અંગેની જાહેરાતમાં સુધારો

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીની વિવિધ જગ્યાઓ ભરવા ક્રમાંક : ૧ થી ૪/ ૨૦૧૯ - ૨૦થી જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જેમાં જાહેરાત ક્રમાંક : ૩/૨૦૧૯-૨૦ થી ફાર્માસીસ્ટ સંવર્ગની કુલ-૦૪ (ચાર) જગ્યાઓ માટે અત્રેથી અગાઉ જાહેર કરેલ જગ્યાઓમાં કેટેગરી વાઈઝ બિન અનામત વર્ગમાં કુલ-૦૨ (બે) જગ્યાઓ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગમાં કુલ - ૦૧ (એક) જગ્યા તથા બિન અનામત (મહિલા) વર્ગમાં કુલ-૦૧ (એક) જગ્યા હતી, જેના સ્થાને હવે કેટેગરી વાઈઝ બિન અનામત વર્ગમાં કુલ-૦૩ (ત્રણ) જગ્યાઓ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગમાં કુલ-૦૧ (એક) જગ્યા તરીકે ગણતરીમાં લેવાની રહેશે.

ઉપરોક્ત જાહેરાતની અન્ય તમામ શરતો / જોગવાઈઓ યથાવત રહેશે.

-- સહી --
મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા.

તારીખ : ૨૭/૦૪/૨૦૨૧
સ્થળ : ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ